PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૩/૨૦૨૩-૨૪/ ૬૧-૨ તારીખ : ૦૪ - ૦૧ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
એટલાન્ટીસ ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી.
"એટલાન્ટીસ હિલ", ૮૦ ફુટ રૈયાધાર રોડ, રામાપીર ચોકડી પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૯૮૨૫૧૯૫૪૩૪

વિષય : વીજજોડાણની ઓપ્સન - ૦૨ ની અરજી અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. .
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રૈયા રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-3/૨૩-૨૪/ 61-2 તા. 05-01-202

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૧૮/ક્વા-3/૨૩-૨૪, તા.૧૭-૧૧-૨૦૨૩

અરજદાર : એટલાન્ટીક ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી., ગામ : રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી અમિત દયારામભાઈ મહેતા

:: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર :શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૨.૧૨.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે અનિવાર્ય કારણોસર રદ કરેલ ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી એટલાન્ટીસ ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી. દ્વારા રૈયારોડ પેટાવિભાગીય કચેરી હેઠળ કુલ ૧૦૭ વાણીજય વીજજોડાણ અર્થે અરજી કરેલ, જેનું જરૂરી એસ્ટીમેટ ભરપાઈ કર્યા બાદ સંલગ્ન કચેરી દ્વારા વીજજોડાણ રીલીઝ કરેલ હતા.

૨.૧ સદર વીજજોડાણ રીલીઝ કરવા પીજીવીસીએલ દ્વારા એલ.ટી. લાઈન ઉભી કરેલ છે. વધુમા એલ.ટી. લાઇન તેમજ એચ.ટી.લાઇનની ડી.પી. અને અન્ય એક એચ.ટી.લાઇનનો પોલ નડતરરૂપ હોય, નાયબ ઇજનેર એચ.ટી.-૨ પેટાવીભાગીય કચેરીનો સંપર્ક કરેલ અને અધિકારીશ્રી દ્વારા નડતરરૂપ ડી.પી. અન્ય લોખંડનો પોલ વગેરે શિફટીંગ કરવાનું જરૂરી એસ્ટીમેટ આપેલ તેમજ જણાવેલ કે નડતરરૂપ એલ.ટી. લાઈન ફેરવવા રૈયારોડ પેટાવિભાગીય કચેરીનો સંપર્ક કરવાનો રહેશે, જેથી એલ.ટી. લાઈન દૂર કરવા તેમજ કંપનીના નિયમ મુજબનો પ્રાઇવેટ કેબલ નાખવાની જરૂરી મંજૂરી અરજદાર દ્વારા

પી.જી.વી.સી.એલ. રૈયારોડ પેટાવિભાગીય કચેરી ખાતે તા.૧૬.૦૯.૨૦૨૩ ના રોજ કરેલ અરજીના અનુસંધાને તા.૨૯.૦૯.૨૦૨૩ ના રોજ રૈયારોડ પેટાવિભાગીય કચેરીના તથા કાર્યપાલક ઇજનેર શહેર વિભાગીય કચેરી-૦૨ દ્વારા જરૂરી સર્વે કરેલ.

૨.૨ પેટાવિભાગીય કચેરીએ **Option-02** અંગે નહિવત અરજીઓ આવતી હોય એટલે તે અંગેના નિતી-નિયમોથી પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેર અજાણ હોય પણ અરજદાર આ વાતથી સારી રીતે વાકેફ છે કે વિભાગીય કચેરીમાં આવી પ્રપોઝલો વધારે આવતી હોય તેના નાયબ ઇજનેર(ટેક) તથા કાર્યપાલક ઇજનેર સાહેબતો આ બાબતની સંપુર્ણ જાણકારી ધરાવતા હોય છે. સદર બાબતે સ્થળ પર હયાત ગ્રાહક માટે **Option-02** ની કોઇ જોગવાઇ નથી તેવી વાત સ્થળ પર કરેલ નહી અને કંપનીના માન્ય **ISI Marked** વાળા કેબલની ખરીદી કરવા તેમજ કેબલ નાખવાની કામગીરી પુર્ણ કરવા જણાવેલ અને તેના **Material Cost** તથા **Labour Cost** પરના સુપરવિઝન ચાર્જનું એસ્ટીમેટ ટુંક સમયમાં રૈયારોડ પેટાવિભાગીય કચેરી તરફથી આપવામાં આવશે તેવુ જણાવેલ.

૨.૩ ઉપરોક્ત બાબતે કેબલની ખરીદી કરેલ અને કેબલ નાખવાની કામગીરી પણ શરૂ કરેલ છે. પરંતુ ત્યારબાદ પત્ર નંબર **RRSD/T/8085** તા.૨૦.૧૦.૨૦૨૩ થી રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા "હયાત ગ્રાહક માટે **Option-02** હેઠળ હાલ કોઈ જોગવાઈ નથી" તેવો જવાબ મળેલ છે. જેના અનુસંધાને તા.૩૦.૧૦.૨૦૨૩ ના રોજ અધિક્ષક ઇજનેર સાહેબ અને કાર્યપાલક ઇજનેર સાહેબ વિભાગ-૦૨, રાજકોટને રજુઆત મોકલેલ છે. પરંતુ આજદિન સુધી કોઈ પ્રત્યુતર ન મળતા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારના પત્ર નં ૪૫૬૩ તા.૧૧.૧૨.૨૦૨૩ થી જણાવેલ છે કે અરજદારશ્રી એટલાન્ટીસ ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી. દ્વારા "એટલાન્ટીસ હિલ", ૮૦-ફૂટ રૈયાધાર રોડ, રામાપીર ચોકડી પાસે, રાજકોટ ખાતે ૧૦૭ વાણીજ્ય હેતુ માટેના વીજજોડાણો મેળવવા માટે રૈયારોડ પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ હતી જે તમામ વીજજોડાણો અરજદાર દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ કરતા, સ્થળ પર ગ્રાહકની હાજરીમાં થયેલ સર્વે મુજબ વીજજોડાણ આપવા માટે જરૂરી એચ.ટી., એલ.ટી. લાઈન તથા ટ્રાન્સફોર્મર ઉભા કરી વીજજોડાણો રીલીઝ કરી વીજપુરવઠો ચાલુ કરી આપેલ હતો.

૩.૧ સદર નવા વીજજોડાણોની અરજી વખતે અરજદાર દ્વારા વીજજોડાણ આપવા માટે જરૂરી એચ. ટી., એલ.ટી. લાઈન તથા ટ્રાન્સફોર્મર તેમને નડતર રૂપ છે તે બાબતે કે ઓપ્શન-૦૨ માં કામગીરી કરવા બાબતે કોઈ રજૂઆત કરેલ નથી.

૩.૨ સદર વીજજોડાણો રીલીઝ થયા બાદ અરજદાર દ્વારા જે એચ.ટી. લાઈનની ડી.પી. સ્ટ્રકચર તથા વીજપોલ ફેરવવા બાબતે એચ.ટી.-૦૨ પેટાવિભાગમાં અરજી કરેલ છે તે ડી.પી. સ્ટ્રકચર તથા વીજપોલ ફેરવવા માટે એચ.ટી.-૦૨ પેટાવિભાગ દ્વારા એન.ડી. સ્કીમમાં અંદાજપત્ર આપવામાં આવેલ છે જેમાં ઓપ્શન-૦૨ બાબતે કોઈ રજુઆત નથી.

૩.૩ અરજદારની રજુઆત મુજબ જે નડતરરૂપ એલ.ટી. લાઈન ઓપ્શન-૦૨ હેઠળ અન્ડરગ્રાઉન્ડ કરવા માટે અરજી કરવામાં આવેલ છે પરંતુ જી.યુ.વી.એન.એલ. દ્વારા પત્ર ન. **GUVNL/COM/Misc/550, Dt: 07.06.2017** થી આપવામાં આવેલ માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ ઇન્ડિયન ઇલેક્ટ્રિસીટી એક્ટ-૨૦૨૩ માં વીજપુરવઠો પૂરો પાડવા માટે ખાનગી ડેવલોપર્સને વિતરણ માળખું ઉભું કરવા કે અગાઉથી ઉભું કરેલ વિતરણ માળખું હસ્તગત કરવા બાબતે કોઈ જોગવાઈ નથી. તથા જી.યુ.વી.એન.એલ. દ્વારા આપવામાં આવેલ

માર્ગદર્શિકાના વિષય **"Guideline for allowing to Develop Private HT/LT Private Underground Distribution Network by Developer and Acquiring Privately Developed Existing Distribution Network for Release of Connection"** પરથી આ માર્ગદર્શિકા માત્ર નવા વીજજોડાણો આપતા સમયે ધ્યાનમાં લેવાની હોવાનું સ્પષ્ટ જણાય છે. વધુમાં સદર માર્ગદર્શિકામાં હયાત ઓવર હેડ એલ.ટી. નેટવર્કને અન્ડર ગ્રાઉન્ડ એલ.ટી.માં રૂપાંતરિત કરવા વિતરણ કંપની, ડેવલોપર્સ કે અરજદારને પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી તથા વીજકંપનીમાં હાલ ઓવરહેડ એલ.ટી. નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ એલ.ટી. માં રૂપાંતરિત કરવાની અન્ય કોઈ જોગવાઈ નથી. જે બાબતે રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં.આર.આર.એસ.ડી./ટેક/૮૦૮૫ થી તા.૨૦.૧૦.૨૦૨૩ થી અરજદારને જાણ કરેલ છે.

3.૪ અરજદારની રજુઆત તા.૩૦.૧૦.૨૦૨૩ મુજબ ઇલેક્ટ્રિસીટી સપ્લાય કોડ-૨૦૧૫ ની જે સેક્શન ૪-૩૩(૨) નો ઉલ્લેખ કરેલ છે તે પણ માત્ર નવા વીજ-જોડાણો ની અરજીની પ્રક્રિયા દરમ્યાન અંદાજપત્ર આપવા માટેની છે. જેમાં પણ માં હયાત ઓવરહેડ એલ.ટી. નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ એલ.ટી. માં રૂપાંતરિત કરવા માટેનો ઉલ્લેખ નથી. જેથી હયાત ઓવરહેડ એલ.ટી. નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ એલ.ટી.માં રૂપાંતરિત કરવા બાબતે પીજીવીસીએલ કંપનીના પ્રવર્તમાન નિયમો, સ્પષ્ટ માર્ગદર્શિકા કે કોઈ કાયદાકીય જોગવાઈ ન હોવાથી અરજદાર દ્વારા કરવામાં આવેલ ફરિયાદ ગ્રાહ્ય રાખી શકાય નહિ.

3.૫ અરજદાર દ્વારા નડતર રૂપ એલ.ટી. લાઈન દુર કરવા માટે એન.ડી. સ્કીમમાં અંદાજપત્ર ભરપાઈ કરવા સહમત હોઈ, તથા તેમની એલ.ટી. પેનલો પાસે વીજટ્રાન્સફોર્મર ઉભા કરવા માટે જગ્યા આપવામાં આવે તો નવા વીજટ્રાન્સફોર્મર સુધી ૧૧ કે.વી. અન્ડરગ્રાઉન્ડ કેબલ આપી, સદર વીજટ્રાન્સફોર્મર માંથી તેમની એલ.ટી. પેનલો સુધી વીજકેબલ દ્વારા જોડાણ કરી એલ.ટી. લાઈન દુર કરી અરજદારની ફરિયાદનું નિરાકરણ લાવી શકાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર એટલાન્ટીસ ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી. દ્વારા રૈયારોડ પેટાવિભાગીય કચેરી હેઠળ કુલ ૧૦૭ વાણીજય વીજજોડાણ ધરાવે છે. સદર અરજદાર દ્વારા તેઓના વીજજોડાણ માટે ઉભી કરવામાં આવેલ એચ.ટી. લાઈન એલ.ટી. લાઈન નડતરરૂપ હોવાથી એચ.ટી. લાઈન શીફટીંગ કરવા માટે પીજીવીસીએલની એચ.ટી.-૨ પેટાવીભાગીય કચેરી ખાતે અરજી કરેલ જે અન્વયે નડતરરૂપ જરૂરી એચ.ટી.લાઈન શીફટીંગ કરવા માટેનું ભાવપત્રક અરજદારને આપવામાં આવેલ છે જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૩.૧૦.૨૩ નોધાયેલ છે.

૪.૨ અરજદાર દ્વારા ઓવરહેડ એલ.ટી. લાઇન માંથી અંદર ગ્રાઉન્ડ એલ.ટી. લાઈનમાં રૂપાંતરિત કરવા માટેની અરજી રૈયારોડ પેટાવીભાગીય કચેરીમાં તા.૧૬.૦૯.૨૦૨૩ ના રોજ અરજી કરેલ જે અન્વયે સામેવાળા દ્વારા જરૂરી સર્વે કરેલ પરંતુ રૈયારોડ પેટાવીભાગીય કચેરી દ્વારા પત્ર નં. આર.આર.એસ.ડી./ટેક/૮૦૮૫ થી તા.૨૦.૧૦.૨૦૨૩ થી ફરિયાદી અરજદારને જાણ કરેલ છે તે મુજબ હયાત ગ્રાહક માટે ઓપ્શન-૨ હેઠળ હાલ કોઈ જોગવાઈ નથી તેમ જણાવેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદા નં. ૪.૨ અન્વયે ફરિયાદી અરજદાર દ્વારા તા.૩૦.૧૦.૨૦૨૩ ના રોજ અધિક્ષક ઈજનેર રાજકોટ અને કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી-૨ રાજકોટ ને રજુઆત કરેલ છે તે મુજબ સપ્લાય કોડ ના કલોઝ નં.૪.૩૩(૨) કાર્યવાહી કરવાને બદલે રૈયારોડ પેટાવીભાગીય કચેરી દ્વારા હયાત ગ્રાહક

માટે ઓપ્શન-૨ હેઠળ એલ.ટી. લાઇન ઓવરહેડ માંથી અંડરમાં રૂપાંતરિત કરવાની કોઈ જોગવાઈ નથી જે બાબતે સપ્લાય કોડના લાગુ પડતા નિયમનો કોઈ ઉલ્લેખ કરેલ નથી તેમજ સ્થળ તપાસ દરમિયાન પીજીવીસીએલની રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી આઈ.એસ.આઈ માર્ક વાળા કેબલ ખરીદ કરીને કેબલ લાઈનની કામગીરી પૂર્ણ કરવા જણાવેલ અને મટીરીયલ કોસ્ટ અને લેબર કોસ્ટ ઉપર સુપરવિઝન ચાર્જનું એસ્ટીમેટ ટૂંક સમયમાં આપવમાં આવશે જેથી સદર કેબલની ખરીદી અને કેબલ લેઈંગની કામગીરી શરૂ કરવામાં આવેલ આમ પીજીવીસીએલની રૈયારોડ પેટાવિભાગીય કચેરીની કામગીરી વિપરીત હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ સદર હયાત એલ.ટી. લાઈનનું રૂપાંતરણ કરવા માટે ઓપ્શાન-૨ હેઠળ ભાવપત્રક આપવા ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૪ અરજદારની ફરિયાદ મુજબ અરજદારના હયાત વીજજોડાણ માટે ઉભી કરવામાં આવેલ એચ.ટી. લાઈન શીફટીંગ કરવા માટે ની અરજી અન્વયે એચ.ટી.-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા ભાવપત્રક અરજદારને પાઠવેલ છે જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૩.૧૦.૨૩ નોધાયેલ છે. સદર બાબતે અરજદારને કોઈ ફરિયાદ નથી.

૪.૫ અરજદારની હયાત વીજજોડાણ માટે ઉભી કરવામાં આવેલ એલ.ટી. લાઈન અન્ડરગ્રાઉન્ડ ઓપ્શન-૨ હેઠળ કરવા માટે ની અરજી તા.૧૬.૦૯.૨૦૨૩ અન્વયે રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા લેખીત પત્ર તા.૨૦.૧૦.૨૦૨૩ થી જણાવેલ છે તે મુજબ પીજીવીસીએલમા પ્રવર્તમાનમા હયાત વીજજોડાણો માટે ઓપ્શાન-૨ હેઠળ કામગીરી કરવાની કોઇ જોગવાઈ ન હોવાથી અરજી ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

સદર બાબતે સામેવાળા દ્વારા રજુ કરેલ પીજીવીસીએલમાં પ્રવર્તમાનમા રહેલ જીયુવીએનએલ ના પત્ર નં. GUVNL/COM/Misc/550, Dt: 07.06.2017 થી આપવામાં આવેલ માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ ઇન્ડિયન ઇલેક્ટ્રિસીટી એક્ટ-૨૦૨૩ માં વીજપુરવઠો પૂરો પાડવા માટે ખાનગી ડેવલોપર્સ ને વિતરણ માળખું ઉભું કરવા કે અગાઉથી ઉભું કરેલ વિતરણ માળખું હસ્તગત કરવા બાબતે કોઈ જોગવાઈ નથી. તથા જી.યુ.વી.એન.એલ. દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાના વિષય **"Guideline for allowing to Develop Private HT/LT Private Underground Distribution Network by Developer and Acquiring Privately Developed Existing Distribution Network for Release of Connection"** પરથી આ માર્ગદર્શિકા માત્ર નવા વીજજોડાણો આપતા સમયે ધ્યાનમાં લેવાની હોવાનું સ્પષ્ટ જણાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં સદર માર્ગદર્શિકામાંમાં હયાત ઓવર હેડ એલ.ટી. નેટવર્કને અન્ડર ગ્રાઉન્ડ એલ.ટી.માં રૂપાંતરિત કરવા વિતરણ કંપની, ડેવલોપર્સ કે અરજદારને પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી તથા વીજકંપનીમાં હાલ ઓવરહેડ એલ.ટી. નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ એલ.ટી. માં રૂપાંતરિત કરવાની અન્ય કોઈ જોગવાઈ નથી. જે બાબતે રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં. આર.આર.એસ.ડી./ટેક/૮૦૮૫ થી તા.૨૦.૧૦.૨૦૨૩ થી અરજદારને જાણ કરેલ છે.

૪.૬ અરજદારની રજુઆત મુજબ નામદાર જીઈઆરસી ના સપ્લાય કોડ-૨૦૧૫ ના ક્લોઝ નં.૪.૩૩(૨) નો ઉલ્લેખ કરેલ છે જે નીચે મુજબ નોધાયેલ છે.

**"Charges for the above mentioned works to be paid by the applicant in accordance with GERC (Licensees Power to Recover Expenditure incurred in providing supply and Other Miscellaneous Charges) Regulations 2005 and amendments thereof.**

**Provided that if the applicant wishes to carry out the works himself, he shall be permitted to do so under supervision by the licensee's officer. Adhering to the estimate and layout approved by the licensee, the applicant can get the work of drawing of service line from the licensee's distribution mains up to his premises extension of HT/EHT line, Distribution or HT substation and LT line through Licensed Electrical Contractor (LEC). In such case, the consumer himself shall procure the**

**materials. The material should conform to relevant BIS specifications or its equivalent and should bear the ISI mark wherever applicable. The licensee may ask for documentary evidence to verify the quality of materials used. Provided further that if the applicant chooses to get the extension work done on his/her own, only supervision charges on the cost of material and labor charges shall be payable to the licensee. Provided further that if the applicant chooses to get the extension work done on his own, he shall get the work done within the timeframe specified in GERC (Standard of Performance of Distribution Licensee) Regulations, 2005, as amended from time to time, failing which the licensee shall issue notice to complete work and avail power supply within 60 days from such notice, on completion of notice period, he shall be liable to pay demand charges and minimum monthly charges as applicable "**

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની રજુઆત મુજબ હાલમાં કુલ ૧૦૭ વાણિજ્યિક હેતુ માટે ના વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા નીયમાધીન વિજ કામગીરી કરીને વીજજોડાણો રીલીઝ કરી વીજપુરવઠો ચાલુ કરી આપેલ છે. તેમજ અરજદાર દ્વારા જે તે સમયે ઓપ્શન-૨ હેઠળ કામગીરી કરવાની રજૂઆત કરવામાં આવેલ હોય તેના આધાર-પુરાવા રજુ થયેલ નથી. ત્યાંરબાદ હયાત એલ.ટી. ઓવરહેડ નેટવર્કને ઓપ્શન-૨ હેઠળ અન્ડરગ્રાઉન્ડ કરવા માટેની રજૂઆત કરેલ છે, પરંતુ પીજીવીસીએલમાં હાલમાં સદર કામગીરી માટે કોઈ ગાઈડલાઈન્સ/પોલીસી પ્રવર્તમાનમાં નથી તેમજ અરજદાર દ્વારા સપ્લાય કોડ-૨૦૧૫ ના કલોઝ નં. ૪.૩૩(૨) નો ઉલ્લેખ કરેલ છે જે ફક્ત નવા વીજજોડાણની અરજીની પ્રક્રિયા દરમિયાન અંદાજપત્ર આપવા માટેનો હોવાથી અરજદારની સદર રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહી.

૪.૮ તદઉપરાંત અરજદારની રજુઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તેઓના હયાત એલ.ટી. નેટવર્ક નડતરરૂપ હોય તો એન.ડી. સ્કીમમાં અંદાજપત્ર ભરપાઈ કરવા સહમત હોઈ, તથા તેમની એલ.ટી. પેનલો પાસે વીજટ્રાન્સફોર્મર ઉભા કરવા માટે જગ્યા આપવામાં આવે તો નવા વીજટ્રાન્સફોર્મર સુધી ૧૧ કે.વી. અન્ડરગ્રાઉન્ડ કેબલ આપી, સદર વીજટ્રાન્સફોર્મર માંથી તેમની એલ.ટી. પેનલો સુધી વીજ કેબલ દ્વારા જોડાણ કરી એલ.ટી. લાઈન દુર કરવા પીજીવીસીએલ પક્ષકારને ફરિયાદી અરજદારની હાજરીમાં સ્થળ તપાસ અને જરૂરી સર્વે કરીને અરજદાર તેમજ અત્રેના ફોરમને અહેવાલ રજુ કરવા સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- 3, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં - ૦૨૮૧-૨૯૯૪૧૨૫.